Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૯ • તા. ૨૦ જુલાઈ થી ૨૬ જુલાઈ ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છ પરજાઉ નગરે શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલય, શ્રી શીતલનાથ આદિ નવ પ્રાચીન જિન બિંબોની પ્રતિષ્ઠા એવમ્ ૧૬૧મા ધ્વજારોહણની ઝલક



# શ્રી ક. દ. ઓ. જૈન મંડળ નવી મુંબઈ

## સ્નેહ મિલન ૫-૭-૨૦૧૫



## નવી મુંબઈ સ્નેહ મિલન ૨૦૧૫

શ્રી ક.દ.ઓ. જૈન મંડળ, નવી મુંબઈ નું રવિવાર, તા.૫/૭/૨૦૧૫ના રોજ ''સ્નેહ મિલન'' ગુજરાત ભવન, વાશી મધ્યે યોજાયેલ જેમાં એરોલી થી પનવેલ સુધીના લગભગ ૪૦૦ જણને હાજરી આપેલ.

વડીલો અને કમીટી મેમ્બરો દ્વારા દીપ પ્રજ્વલન કરીને કાર્યક્રમનો શુભારંભ થયેલ શ્રીમતી નયનાબેન નરેન્દ્ર લાલકા એ નવકારનું પઠન કરેલ. શ્રીમતી માલતી હરીશ ધરમશી સૌને આવકાર આપીને ટુંકમાં સંસ્થાની માહિતી આપી.

આપણી પારંપારિક રમતો જેવીકે મટુકડી, ઢોલરાંધ, ૧૨ દાંડિયા અને ધમાલની હરીફાઈ યોજાયેલ. બહેનો, ભાઈઓ પારંપારિક પોશાકમાં સજજ થઈને ઉમંગથી ભાગ લીધેલ.

શ્રી ક.દ.ઓ. જૈન મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા અને પદાધિકારીઓ પધારેલ એમને આવકાર શ્રી ધનેશભાઈ કેશવજી મોમાયા એ આપેલ. નવી મુંબઈ મંડળના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ મુરજી શાહે (દંડ), શ્રી કલ્પેશભાઈ નું બહુમાન કરેલ. માન્યવરો મહેમાનોનું કમીટી મેમ્બરો એ બહુમાન કરેલ.

શ્રી ક.દ.ઓ. જૈન મંડળ, નવી મુંબઈ ની નવી સમિતીની રચના કરવામાં આવેલ જેની જાહેરાત શ્રીમતી મીનાબેન ભરત ખોના એ કરેલ. જે નીચે મુજબ છે. : **યુવા કમિટી :** શ્રી દિવેશ યોગેશ શાહ (લોડાયા), શ્રી મેહુલ ચંદ્રકાંત વિઝાણી **મહિલા મંચ :** શ્રીમતી દક્ષા લાજેશ મોતા (કન્વીનર), શ્રીમતી ચેતના લહેરચંદ કુરૂવા, શ્રીમતી વિપુલા જગદીશ મોતા, શ્રીમતી જીજ્ઞા સમીર લોડાયા, શ્રીમતી હીના ચંદ્રેશ ડાઘા.

હરીફાઈના નિર્ણાયક હતા શ્રીમતી કાશ્મીરાબેન વીરેન્દ્ર લુઠીયા અને શ્રીમતી ચંદ્રિકાબેન ચેતના લોડાયા.

શ્રી ઉમેશ વીરચંદ ધરમશી એ આ માટે દિવસ રાત સખત પરિશ્રમ કરીને સૌને ભેગા કર્યા સાપેજ ફેસબુક પેજ પર ટૉપ ૫ ફેમિલી ફોટો ની હરીફાઈ પણ રાખેલ જેના નિર્ણાયક તરીકે શ્રી નિલેઈ દેવચંદ લોડાયા એ સેવા આપી.

સમગ્ર કાર્યક્રમનું સફલ સંચાલન શ્રીમતી ચાંદની પરેશ લાલકા એ કરેલ. આ કાર્યક્રમને જ્વલંત સફળતા અપાવવા માટે શ્રીમતી મીનલબેન ભરત ખોના નો સિંહ ફાળો રહ્યો. શ્રીમતી કલ્પનાબેન દીપક ધરમશી એ આભાર વિધિ કરેલ.

– તસ્વીરો સામેના પાને



### કચ્છ શક્તિ અને ચિત્રલેખા નિબંધ સ્પર્ધામાં ઈન્દુબેન ધરમશીને ઈનામ

કચ્છ શક્તિ અને ચિત્રલેખા દ્વારા આયોજિત 'મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ' નિબંધ સ્પર્ધામાં ઈન્દુબેન ધરમશી (હુબલી)ને આશ્વાસન ઈનામ પ્રાપ્ત થયું છે.


॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ



## (નારી તું નારાયણી)

નારી એટલે જગતની જનેતા, નારી એટલે વિધાતા નો વૈભવ, પરિવારનો પમરાટ, કોમળતાનો કળશ અને મમતાનું માધુર્ય. સમાજ અને દેશના નવ નિર્માણ માં નારીનો હિસ્સો ઘણો અમૂલ્ય છે.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાનજન–મુંબઈ આપણી જ્ઞાતિની બહેનો માટે એક નવું નજરાણું તૈયાર કરી રહ્યા છે. જેમાં બહેનોને પોતાના માં રહેલી કલા–કૌશલ્યતા દેખાડવા માટે નો એક મંચ મળશે જ્ઞાતિ બહેનો માટેના વિવિધ કાર્યક્રમો ગોઠવવાના વિશિષ્ઠ પ્રયત્નો ચાલી રહ્યાં છે. આપણી જ્ઞાતિની આદર્શ નારી પણ સમાજમાં આગળ વધે અને પ્રતિભાશાળી બને, જ્ઞાતિનો વિકાસ કરે. તે માટે મુંબઈમાં ચાલતાં લતાવાર મંડળો, મહિલા મંડળો, સખીવૃંદ મંડળો, પૂજા મંડળ, સિનિયર સિટિઝન મંડળ વગેરે મંડળો નાં મહિલા પ્રમુખ, ઉપપ્રમુખ, કાર્યકરો, સભ્યો, અધિકારીઓનાં નામ, મોબાઈલ નંબર, ગામનું નામ, એડ્રેસ નું લીસ્ટ અપડેટ કરવાની જરૂર છે. જેથી મહિલા મંડળની એકતા ને અખંડિતતા ને ટકાવી શકાય.

બહેનો આપ સૌ જાગો અને તમે ચલાવતાં મંડળ, ગ્રુપ ની માહિતી નીચેના સ્થળે ત્વરિત મોકલી આપવા નમ્ર વિનંતી.

**સ્થળ : શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૨૩૪૪ ૮૨૭૪

**લી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના જય જિનેન્દ્ર**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 29/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## સંમેલન સુધી વસતિપત્રક પુસ્તક આકારે પ્રગટ થાય તે માટે સહિયારા પ્રયત્નો થવા જોઈએ.

પુસ્તક આકારે પ્રગટ થનારું છેલ્લું વસતિપત્રક ઘણા સમય પહેલાં પ્રગટ થઈ જવું જોઈતું હતું, તેમાં જેટલો વિલંબ થશે તેમ તેની ઉપયોગિતા ઓછી થશે.

જ્યારે સમસ્ત મહાજને નવેંબર-ડિસેમ્બરમાં સંમેલન યોજવા માટે ચક્રો ગતિમાન કરી જ દીધા છે ત્યારે વસતિપત્રક સમિતિનું પુસ્તક આકારે પ્રગટ થનાર વસતિપત્રકનું જ્ઞાતિ અર્પણ સંમેલનમાં કરવા માટે વસતિપત્રક સમિતિના વરિષ્ઠો કમર કસે તે જરૂરી છે.

વસતિપત્રક એક વખત પુસ્તક આકારે પ્રગટ થઈ જાય તે પછી તે ઓનલાઈન મળતી માહિતીના રૂપમાં અસ્તિત્વ ધરાવશે. અત્યારે પણ ઘણી સારી માહિતી જ્ઞાતિજનોને મળી રહી છે અને એકસૂત્રે બાંધી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

અત્યારે વસતિપત્રક સમિતિ જે રીતે કામ કરી રહી છે તે રીત તેની કાર્યશક્તિ પર વિપરિત અસર પાડી રહી છે. હાલ જે સંનિષ્ઠ કાર્યકરો વસતિપત્રક સમિતિની વિવિધ જવાબદારીઓ સંભાળી રહ્યા છે. તેમને આખરી નિર્ણય લેવાના કોઈ અધિકાર ન હોવાથી પણ કામની ગતિ ધીમી પડી રહી છે.

તેવું જ ઓનલાઈન સ્વરૂપનું છે. આમાં પણ ટેકનીકલ કાર્યવાહીમાં અંતિમ નિર્ણય લેવા માટે જેમની સમજ અધકચરી હોય તેવા લોકો પર આધારિત રહેવું પડે છે. તેને કારણે પણ વસતિપત્રક સમિતિનું કામ ધીમું પડે છે. વરિષ્ઠ આગેવાનોના અહમ્નો ટકરાવ પણ કામને ધીમું પાડે છે.

જો વસતિપત્રક સમિતિના વરિષ્ઠો સંમેલન થવાની જાહેરાતને એક હકારાત્મક પડકાર ગણીને પોત પોતાના અહમ્ ન ટકરાય તેની વિશેષ કાળજી લે તેમજ રોજબરોજની અને ટેકનીકલ બાબતોમાં સંબધિત કાર્યકર્તાઓને આખરી નિર્ણય લેવા સ્વતંત્રતા આપી દેશે તો સંમેલન વખતે પુસ્તક આકાર વસતિપત્રક જ્ઞાતિ અર્પણ થવાનું સુનિશ્ચિત બનશે. એક વખત આ વાત સુનિશ્ચિત થશે એટલે વધુને વધુ જ્ઞાતિ દાતાઓ વસતિપત્રક સમિતિ પરનો આર્થીક બોજો હળવો કરવા માટે મદદે આવવાનું વિચારશે એ માટે પણ જરૂરી છે કે વસતિપત્રક  સમિતિ એકતા સાધી નક્કર કામ કરતી દેખાય.

આશા રાખીએ કે જ્યારે પરીક્ષાનો દિવસ નક્કી થઈ ગયો છે ત્યારે વસતિપત્રક સમિતિ પરિસ્થિતિની ગંભીરતા સમજી પડકારને સમજદારીથી સફળતાપૂર્વક ઝીલી બતાવશે.

**- ચંદ્રસેન મોમાયા**

---



**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફતરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

## પ્રેરક કથા : હકારાત્મક દ્રષ્ટી

રજુઆત : તિલકચંદ લોડાયા - ચેન્નઈ

એક જંગલ હતું. તેમાં રહેતી એક હરણીનું બચ્ચું જન્મવાની તૈયારીમાં જ હતું. નદી પાસેનું ઘાસનું મેદાન સુરક્ષિત જણાતા, તેણે ત્યાં જઈ બચ્ચાને જન્મ આપવાનો નિર્ણય કર્યો. ધીમે ધીમે ત્યાં જતી હતી તે વખતે જ તેને પ્રસૂતિની પીડા શરૂ થઈ ગઈ.

તે જ ક્ષણે અચાનક તે વિસ્તારના આકાશમાં કાળા ડિબાંગ વાદળા છવાઈ ગયાં અને વિજળીનો ગડગડાટ શરૂ થઈ ગયો. વિજળી પડતા ત્યાં દાવાનળ ફેલાઈ ગયો. હરણીએ ગભરાયેલી નજરે ડાબી બાજુ જોયું તો ત્યાં તેને એક શિકારી પોતાના તરફ તીરનું નિશાન તાકતો દેખાયો. તે જમણી તરફ ફરી ઝડપથી એ દિશામાં આગળ વધવા ગઈ ત્યાં તેને એક ભૂખ્યો વિકરાળ સિંહ પોતાની દિશામાં આવતો દેખાયો. આ સ્થિતીમાં પ્રસૂતિની પીડા શરૂ થઈ ચૂકી હોય તેવી હરણી શું કરી શકે ?

તમને શું લાગે છે ? તેનું શું થશે ? શું હરણી બચી જશે ? શું તે પોતાના બચ્ચાને જન્મ આપી શકશે ? શું તેનું બચ્ચુ બચી શકશે ? તે પછી દાવાનળમાં બધું સળગીને ભસ્મીભૂત થઈ જશે. ? શું હરણી ડાબી તરફ ગઈ હશે ? ના, ત્યાં તો શિકારી તેના તરફ બાણનું નિશાન તાકી ઊભો હતો. શું તે બીજી બાજુ શકે તેમ હતી ? ના, ત્યાં ઘસમસ્તી નદી તેને તાની જઈ શેક એમ હતું. શું હરણી પાછળ જઈ શકે તેમ હતી ? ના, ત્યાં દાવાનળ તેને બાળીને ભસ્મ કરી દઈ શકે તેમ હતો.

જવાબ : આ ઘટના સ્ટોકેઈસ્ટીક પ્રોબેબીલીટી થિયરીનું એક ઉદાહણ છે.

તે કંઈજ કરતી નથી. તે માત્ર પોતાના બચ્ચાને, એક નવા જીવને જન્મ આપવા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. એ ક્ષણ પછીની ફક્ત એક જ બીજી ક્ષણમાં આ પ્રમાણે ઘટનાક્રમ બનવા પામે છે : એક ક્ષણમાં શિકારી પર વિજળી પડે છે અને તે અંધ બની જાય છે. આકસ્મિક બનેલી આ ઘટનાને લીધે શિકારી નિશાન ચૂકી જાય છે અને તીર હરણીની બાજુમાંથી પસાર થઈ જાય છે. તીર સિંહના શરીરમાં ઘૂસી જાય છે અને તે બૂરી રીતે ઘાયલ થઈ જાય છે. એ જ ક્ષણે મૂશળધાર વર્ષા વરસે છે અને દાવાનળને બૂઝાવી નાખે છે. એ જ ક્ષણે હરણી એક સુંદર, તંદુરસ્ત બચ્ચાને જન્મ આપે છે.

આપણા સૌના જીવનમાં એવી કેટલીક ક્ષણો આવે છે જ્યારે બધી દિશાઓમાંથી નકારાત્મક વિચારો અને સંજોગો આપણને ઘેરી વળે છે. એમાંના કેટલાક વિચારો તો એટલા શક્તિશાળી હોય છે કેતે આપણા પર હાવી થઈ જાય છે અને આપણને શૂન્યમનસ્ક બનાવી મૂકે છે. પણ જીવનમાં એક જ ક્ષણમાં પરિસ્થિતી તદ્દન બદલાઈ જઈ શકે છે. જો તમે ધાર્મિક હો, અંધશ્રદ્ધાળુ હો, નાસ્તિક હો, આધ્યાત્મિક હો, અજ્ઞેય હો કે ગમે તે હો, આ એક ક્ષણને આમાંની કોઈ પણ એક રીતે મૂલવી શકો છો - ઈશ્વરનો ચમત્કાર, શ્રદ્ધા, સદનસીબ, યોગાનુયોગ, કર્મ કે પછી 'ખબર નહિ ક્ઈ રીતે (આમ બનવા પામ્યું)'.

હરણી માટે સૌથી વધુ અગત્યની બાબત હતી બચ્ચાને જન્મ આપવો કારણ જિંદગી એક અતિ મૂલ્યવાન ચીજ છે. ચાલો આપણે સૌ પ્રાર્થના કરી કે આપણને આવી હકારાત્મક દ્રષ્ટી પ્રાપ્ત થાય અને કોઈ પણ નકારાત્મક વિચાર આપણને સ્પર્શી પણ ન શકે....


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર   પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી   પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર   બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ




**શૈક્ષણિક મુલ્યાંકન પરીક્ષામાં છત્તીસગઢમાં પ્રથમ**

**સિધ્ધાર્થ સેજલ હિતેશ મોતીચંદ શિયાળ** (જખૌ - રાયપુર)એ બારમાં ધોરણમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ માટે એજ્યુકેશનલ અસેસમેન્ટ ઑસ્ટ્રેલિયા અને મેકમિલન પબ્લિસર દ્વારા લેવાતી આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક પરીક્ષામાં છત્તીસગઢમાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ મેળવ્યો છે.


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.

**Head Office :** GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex,
L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.
**H.O. Tel.:** 2579 9326 • **Fax :** 2579 9323 • **E-mail :** acblho@arihantbank.com
**Branches :** Bhandup - 2595 4422 • Mulund - 2564 7157 • Ghatkopar - 2501 5820 • Chinch Bunder - 2347 8134 • Mohili Village (Asalfa) - 2502 3778 • Dombivli (E) - 2445809 • Vashi - 2784 9430 • Thane - 2543 7977

## શૈક્ષણિક ઈનામ તથા સ્કોલરશીપ યોજના શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૨૦૧૫

### શ્રી અરિહંત બેંકના શેરધારકોના વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા શૈક્ષણિક ઈનામ યોજના

| કોર્સ (Course) | શિક્ષણ શાખા (Faculty) | ઈનામ તથા સ્કોલરશીપ (Prizes/Scholarship) | લઘુતમ ગુણાંક (Minimum Marks) |
|---|---|---|---|
| S.S.C. | (Board / CBSE) | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 90% |
| | SSC માટે | સ્કોલરશીપ | 85% |
| F.Y.J.C. | સાયન્સ / ઈન્જીનિયરીંગ / મેડીકલ | સ્કોલરશીપ | 85% |
| | કોમર્સ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 75% |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 60% |
| H.S.C. | સાયન્સ / ઈન્જીનિયરીંગ /મેડીકલ | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ તથા સ્કોલરશીપ | 90% |
| | કોમર્સ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | | 70% |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | | 60% |
| 1st Year Degree Course | સાયન્સ / ઈન્જીનિયરીંગ /મેડીકલ | સ્કોલરશીપ | 80% |
| | કોમર્સ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 70% |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 60% |
| 2nd Year Degree Course | સાયન્સ / ઈન્જીનિયરીંગ /મેડીકલ | સ્કોલરશીપ | 80% |
| | કોમર્સ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 70% |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 60% |
| 3rd Year Degree Course | સાયન્સ Faculty માટે | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 75% થી વધારે |
| | કોમર્સ Faculty માટે | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 65% થી વધારે |
| | આર્ટસ્ Faculty માટે | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 60% થી વધારે |
| | આગળના અભ્યાસક્રમ માટે | સ્કોલરશીપ | 65% થી વધારે |
| Post Graduate Course | C.A. (Final) / M.B.B.S, / Engineering | Prizes from each faculty | Stream Obtained Highest Marks |
| | Co. Secretary & Other Govt. Recognised | | |
| | Professional Courses | | |

**નોંધ :** શૈક્ષણિક ઈનામો તથા સ્કોલરશીપ પાત્રતાના નિયમો માટે સામેનું પાનું જુઓ.

# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.

**Head Office :** GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex,
L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.
**H.O. Tel.:** 2579 9326 • **Fax :** 2579 9323 • **E-mail :** acblho@arihantbank.com
**Branches :** Bhandup - 2595 4422 • Mulund - 2564 7157 • Ghatkopar - 2501 5820 • Chinch Bunder - 2347 8134
• Mohili Village (Asalfa) - 2502 3778 • Dombivli (E) - 2445809 • Vashi - 2784 9430 • Thane - 2543 7977

## સ્કોલરશીપ તથા શૈક્ષણિક ઈનામ યોજના માટે સામાન્ય નિયમો

૧) ઉપરોક્ત ઈનામો તથા સ્કોલરશીપ માટેના પાત્ર વિદ્યાર્થીઓના વાલીઓ (Parents) તેમજ ૧૮ વર્ષ અને ૧૮ વર્ષથી વધારે ઉમ્રનાં વિદ્યાર્થીઓ ૩૧.૩.૨૦૧૫ સુધી શ્રી અરિહંત બેંકના શેરધારક (Share Holder) હોવા જરૂરી છે..

૨) જે વિદ્યાર્થી **૧૫.૦૭.૨૦૧૪** પછી કોર્સ પાસ કરેલ હશે. તેઓ પણ અરજી કરી શકશે.

૩) ઉપરોક્ત ઈનામ યોજના માટેની અરજીઓ **૦૧.૦૮.૨૦૧૫** સુધી સ્વીકારવામાં આવશે.

૪) સ્કોલરશીપ માટેની અરજીઓ **૩૧.૧૨.૨૦૧૫** સુધીજ સ્વીકારવામાં આવશે.

૫) શૈક્ષણિક નિયમ તથા સ્કોલશીપ માટે અરજી પત્રકો શ્રી અરિહંત બેંકની બધી શાખાઓ તથા હેડ ઓફીસથી મળી શકશે.

૬) ઉપરોક્ત શૈક્ષણિક ઈનામ તથા સ્કોલરશીપ ફક્ત સરકારમાન્ય કોર્સ માટેજ પાત્ર ગણાશે. આ પરીણામોમાં સ્પોર્ટ માટે કે અન્ય મળેલ ગુણાંક ગણવામાં આવશે નહીં. **સ્કોલરશીપ ફક્ત એકજ કોર્સ માટે આપવામાં આવશે.**

૭) જે કોઈ વિદ્યાર્થીએ શ્રી અરિહંત બેંક પાસેથી શૈક્ષણિક લોન લીધેલ હશે તો ઈનામ અથવા સ્કોલરશીપની રકમ તે વિદ્યાર્થીની લોન પેટે જમા કરવામાં આવશે.

૮) વિદ્યાર્થીએ પોતાની પરીણામની માર્કશિટની પ્રમાણીત નકલ (Certified Copy) બેંકમાં અરજી સાથે આપવાની રહેશે.

**નોંધ:** ૧) ઈન્જીનિયરીંગ તથા મેડીકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓએ પરીક્ષા પરિણામ મળેથી એક મહિનાની અંદર અરજી કરવાની રહેશે.

૨) બેંકના શેરધારક (Share Holder) તથા કર્મચારીઓના વિદ્યાર્થી, જેઓએ ઉપરોક્ત કોર્સ સિવાય સરકારમાન્ય કોર્સની ડીગ્રી તથા ઉચ્ચ ડીગ્રીમાં વધારે ગુણાંક પ્રાપ્ત કરેલ હશે તેઓ અરજી મોકલાવી શકશે તેમના શૈક્ષણિક ઈનામ માટે શ્રી અરિહંત બેંકના ડાયરેક્ટર્સ બોર્ડમાં નિર્ણય લેવામાં આવશે.

*Wishing all the best to the deserving Students.....*

| | | |
|---|---|---|
| **શ્રી મહેન્દ્રભાઈ ખોના** | **શ્રી કલ્યાણજીભાઈ છેડા** | **શ્રી ખેતશીભાઈ ખોના** |
| (ચેરમેન) | (વાઈસ-ચેરમેન) | (સી.ઈ.ઓ.) |

## પ્રકાશ સમીક્ષા મળવા તથા તેમાં જાહેરાત આદિ છપાવા અંગે મહત્વની સુચનાઓં

### સમાચાર જાહેરાત - મેટર બુધવાર સુધી મોકલવાં

અમને મળતી સમાચાર ઇત્યાદિની મેટરમાં જરૂરી સુધારા, ટુંકાણ, ફરીથી લેખન અને તે પછી ડી.ટી.પી., પ્રુફ તપાસણી, પેજ મેઈકીંગની ગોઠવણી વિગેરે વિધિઓ પતાવ્યા પછી મેટર અને અંક ફાઈનલ થાય છે તેથી મેટર બુધવાર સુધી અને તૈયાર ડીઝાઈન કરાયેલ મેટર ગુરૂવાર સુધી અમને મળી જવી જરૂરી છે. મોડેથી અને શુક્રવારે મળેલ મેટરને ચાલુ અંકમાં સમાવેશ કરતાં તેમાં ભૂલો કે ક્ષતિઓ થવાની સંભાવના રહે છે તેની નોંધી લેવા વિનંતી.

### કલર પાનાની જાહેરાત

કલર પાનાંની જાહેરાતો માટે મર્યાદિત જગ્યા ઉપલબ્ધ હોય છે. કલરના ચાર પાનાની મેટર મળ્યા પછી વધારાના બે પાના જેટલી મેટર ન મળે ત્યાં સુધી વિશેષ મેટરનો તે અંકમાં સમાવેશ કરવો મુશ્કેલ છે. કલર મેટર માટે કે ચોક્કસ પાના પર કલર મેટર લેવા બાબતે અગાઉથી બુકીંગ કરાશે નહીં. ઘણી વાર ''કલર મેટર બુધવાર સુધી મોકલશું'' તેવાં વચન આપ્યા પછી જાહેરાતકર્તાઓ તેમ કરવામાં નિષ્ફળ જતા હોય છે તેથી અપેક્ષીત કલર મેટર ન મળવાથી અને તે દરમ્યાન અન્ય કોઈ ઇચ્છુકને ના પાડી દીધી હોવાથી. આર્થિક પાસું નખવું પડે છે. ગત વર્ષે 'પ્રકાશ-સમીક્ષા'ને લગભગ સાત લાખની નુકસાની ભોગવથી પડી છે.

સમિતિના સભ્યોના વખતોવખતના ૫૦ હજારથી બે લાખની રકમના યોગદાનથી પ્રિન્ટીંગ, પેપર વિગેરેની જોગવાઈ કરવામાં આવે છે અને તેથી પત્રનું નિયમિત પ્રકાશન શક્ય બને છે.

### જાહેરાત મેટરોની મોકલવાની સાથે અગોતરી ચુકવણી કરવી.

છેલ્લાં આઠેક વર્ષોના અનુભવે જણાવું છે કે બહુસંખ્ય સંસ્થાઓ, મહાજનો અને ટ્રસ્ટો તેમજ વ્યક્તિઓ પોતાની જહેરાતો છપાયા પછી પણ ચાર-પાંચ મહીનાથી, આઠ-દસ મહીના અને કેટલાક કિસ્સાઓમાં તો દોઠ વર્ષ જેટલા સમય પછી બીલોની ચુકવાથી કરતા હોય છે. તે પણ રીમાઈન્ડર પત્રો મળ્યા પછી 'કઈ જાહેરાત હતી?'' ''તેનું કટીંગ ફરીથી મોકલશો, પે આર્ડર મોકલી દીધો છે'', જાહેરાતમાં ભૂલો હતી કે ફોટા કે ફોન્ટ સાઈઝ કે લાઈન બરાબર છપાઈ નથી, જેવાં કારણો કે બહાનાં આપી ચુકવણી ટાળવામાં આવે છે. છેલ્લાં આઠેક વર્ષથી આવી અનેક ચુકવણીઓ થઈ નથી અને લગભગ દોઠ-બે લાખની રકમ માંડી વાળવી પડે તેવી પરિસ્થિતિ છે.

''પ્રકાશ-સમીક્ષા''ના સભ્યો પ્રીન્ટીંગ, કાગળ વિગેરેના ખર્ચાઓને પહોંચી વળતા પોતાની પચાસ હજારથી બે લાખ જેટલી રકમોની તાત્કાલિક ગોઠવણ કરતા આવ્યા છે. સૌને વિનંતિ છે કે મેટર છપાયા પણ એકાદ સપ્તાહમાં બીલ મળતું હોય તે પછી તેની ચૂકવણી કરવાને બદલે જાહેરાત મોકલવાની સાથે જ તેનું પેમેન્ટ આગોતરૂં થાય તેવી કાળજી લેવી.

### સરનામાં ફેરફાર થવાની નોંધ

જ્ઞાતિજનો અમને જાણ કરતા ન હોવાથી દર અઠવાડિયે અમને એક સો જેટલા અંકો પોસ્ટ ઓફિસમાંથી પાછાં મળે છે. જેના પર Left,' Not Found', 'Not Known' રીમાર્ક હોય છે. સરનામાં ફેરફાર થવાની સુચના શક્યતઃ ઈ-મેલથી મોકલવા વિનંતી છે. જેમાં જુનું સરનામું પણ જણાવવું જરૂરી છે તેમજ ''શાહ'', ''જૈન'', 'રમેશ પી. દંડ'' ને બદલે રમેશ પદમશી શીવજી દંડની જેમ પિતા તથા દાદાનું નામ, કચ્છ હાલારનું ગામ પણ જણાવશોજી જોઈશે. અન્યથા તેના પર કાર્યવાહી થઈ શકશે નહીં. જેથી સરનામાની કોલમમાં નામ-સરનામું છપાઈ જાય પરંતુ જ્યાં સુધી જુનું સરનામું નહીં મોકલાય ત્યાં સુધી અમારી પોસ્ટ માટેના લેખલ બનાવવાની પ્રક્રિયામાં તેની નોંધ લઈ શકાતી નથી. જુના અને નવા સરનામાં તથા પુરાં નામની જાણકારી મળ્યા પછી ત્રણેક અઠવડિયે પોસ્ટ લેખલ અપડેટ થાય છે, તેની નોંધ લેવા વિનંતિ છે. આમ છતાં અમારા ડેટાબેસમાં કદાચિત યોગ્ય નોંધ આમેજ ન થઈ હોય તો પત્ર કે ઈમેલથી જાણ કરવા વિનંતી છે. ફોન પર વાત ખુલાસો શક્ય નથી.

### 'પ્રકાશ સમીક્ષા''ની વિશેષ કાળજી છતાં અંકો ''ન મળવા'' કે ''મોડા મળવા'' બાબત

જ્ઞાતિના સર્વ કુટુંબોને (૭૦૦૦ જેટલા) અંકો નિયમિત મળે તે માટે પોસ્ટલ ઓથોરીટી દ્વારા મળેલ કન્સેશનને અનુલક્ષીને દર મંગલ-બુધવારે અંકો અચૂક પોસ્ટ કરવામાં આવે છે. અન્ય પત્રોના સંચાલકો તો પોસ્ટ ખાતામાં પોતાના મેગેઝીનોના બંડલો જમા કરી જતા રહે છે. પરંતુ ''પ્રકાશ સમીક્ષા''ના અંકો માટે મુંબઈ જી.પી.ઓ. પત્રિકા વિભાગમાં મુંબઈના જૂદા-જૂદા વિભાગો જેમકે ફોર્ટ, મસ્જિદ બંદર, ઘાટકોપર, મુલુંડ, ભાંડુપ, ડોંબીવલી માટે જૂદા જૂદા કોથાવાળાઓમાં તેવી જ રીતે બહારગામ, ગુજરાત, મહારાષ્ટ્રના અને ઈતર રાજ્યોના પણ જૂદા જૂદા કોથડાઓમાં (લગભગ સીતેરેક જૂદા જૂદા કોથળાઓમાં) અલગ અલગ બંડલો બનાવી (વળી અનંતસિધ્ધિ, અનંત નિવાસ જેવા એક જ મકાન - સંકુલ માટે પણ અલગ અલગ વ્યક્તિગત માનદ સ્વયંસેવકો દ્વારા પોસ્ટ કરાય છે. તે પછી મોડામાં મોડા બુધવાર મધ્યરાત્રિ પહેલાં આ અંકો મુંબઈથી આગળ રવાના થઈ જ જાય છે, ત્યાં અનેકાનેક મેગેઝનોનાં બલ્ક પોસ્ટીંગ થવાના કારણે કોઈપણ પ્રકારનો ભરાવો ન પોસ્ટ દ્વારા થાય તેવી યંત્રણા રખાયેલ છે. આપ આપનાં સ્થાનિક શહેર કે વિસ્તારની પોસ્ટ ઓફિસમાં આ અંકો શુક્રવાર બપોર સુધી તો મળી જતાં હોય છે. આ પછી પોસ્ટમનોની અછત કે બેદરકારીને લીધે આપના સરનામે અંકો મોડા કે બે-ત્રણ અઠવાડિયે એક સાથે મળતા હોય છે. આ માટે આપે સ્થાનિક પોસ્ટ ઓફસમાં લેખિત ફરિયાદ કરી તેવી પહોંચની નકલની ઝેરોક્ષ કોપી મુંબઈ જી.પી.ઓ., પત્રિકા વિભાગ, મુંબઈ ૪૦૦ ૦૦૧માં મોકલવી આને લીધે અંકો નિયમિત મળે તેવો સંભવ છે. દરેક મેગેઝીનોના સંચાલકો અને

ગ્રાહકોને પોસ્ટ ખાતા દ્વારા અંકો ન મળવા કે મોડા મળવાનો સર્વસામાન્ય અનુભવ થતો રહે છે. 'પ્રકાશ સમીક્ષા' પોતાના શ્રેષ્ઠ શક્ય પ્રયાસો સતત જારી રાખે છે, તેની નોંધ લેવા વિનંતિ.

**પત્ર-વ્યવહાર શક્ય નથી**

લેખો, ચર્ચાપત્રો કે અન્ય મેટરોની અસ્વીકાર અંગે કે તેમાં થયેલ એડીટીંગ વિગેરે માટે મોખિક સંવાદ કે લેખીત પત્રવ્યવહારની અપેક્ષા ન રાખવા વિનંતિ છે. જ્ઞાતિની સંસ્થા-ટ્રસ્ટ-મહાજનોના વહીવટ બાબતે કે સંચાલક - અધિકારીવર્ગની કાર્યપધ્ધતિ વિશે બેફામ આક્ષેપો, તેજોદ્વેષ, ઉશ્કેરાટ, સસ્તી ટીખળ વિગેરે નિરૂપતી ભાષા શૈલીનો ઉપયોગ થયો હશે તો તેમાં એડીટીંગ થશે કે બિલ્કુલ છપાશે નહીં.

ટ્રસ્ટ કે મહાજનના વહીવટમાં ગેરરીતિ, ગેરબંધારણીય કે ગેરકાનૂની કાર્યપધ્ધતિ થતી હોય તો તે માટે સક્ષમ અધિકારી-અદાલત સમક્ષ કાર્યવાહી કરવી જોઈએ તેના બદલે ભરપુર વિગતો ને લંખાણ વિવેચન કરતું લખાણ મોકલીને " પ્રકાશ-સમીક્ષા"માં છપાય તેવી અપેક્ષા રાખવી જ નહીં.

જાહેરાતોની મેટરોમાં પણ ભાષા શૈલી, શબ્દ પ્રયોગો વિગેરે બાબતે 'એડીટીંગ' (સુધારા-કાપકુપ) મળી કરવું કે તેવી જાહેરાતો સમૂળગી ન છાપવી તેનો તે માટે તંત્રીએ લીધેલ નિર્ણય આખરી રહેશે. તે માટે કોઈ સંવાદ - પત્રવ્યવહાર શક્ય નથી.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૪/૦૭/૨૦૧૫ ને શુક્રવારના સવાર ૧૦ વાગ્યા થી ૧ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (જૈન કોમ્પલેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ) માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોબાઈલ : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

**કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ** શનિવાર તા. ૨૫/૭/૨૦૧૫ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ સુધી તથા રવિવાર તા. ૨૬/૭/૨૦૧૫ ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશન ના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ - મોબાઈલ : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## કમ્પ્યુટર યુગમાં નામ આદિની ચોક્કસાઈ અને સરળપણું વધુ મહત્વના

**પ્રવીણચંદ એસ. ધરમશી** - કોઠારા - સુરત

આપણે આપણા નામ અલગ અલગ રીતે લખીએ છીએ. ક્યારેક પોતાનું - પિતા/પતિનું સરનામું પૂરેપુરું લખીએ છીએ. તો ક્યારેક પિતા-પતિના નામને બદલે તે નામના અંગ્રેજીનો પ્રથમ અક્ષર ઉપયોગમાં લઈએ છીએ. ઘણા લોકો પોતાની અટકને બદલે શાઈ અટક રાખે છે, એમને ઘણી વખત મૂળ અટક સાથે પોતાનો સંબંધ જોડવા સોગંદનામું (એફિડેવીટ) કરવી પડતી હોય છે.

પોતાના યુવા સંતાનોને તથા કામકાજના સ્થળે પણ મૂળ અટક શું છે તેની જાણ કરવી જરૂરી છે. કેમકે કામકાજના સ્થળના લોકો વ્યક્તિને શાહ તરીકે જાણતા હોય અને સંબંધીમાંથી કોઈનો ધરમશી કે એવી કોઈ અટક સાથે ફોન આવે તો તેઓ રોંગ નંબર જ કહેવાના !

એક મહત્વની વાત એ પણ છે કે સરકારી - શૈક્ષણિક કે બીજા ધસ્તાવેજોમાં ધરમશી હોય તો ધરમસી ન થઈ જવું જોઈએ. તેમજ અંગ્રેજી સ્પેલિંગમાં Sh ને પહલે S વપરાય તો તે ઘણા ગુંચવાડા ઊભા કરી શકે છે.

સરકારી કર્મચારીઓ, બેંક કર્મચારીઓ, શાળાના કર્મચોરીઓ જેમને ઘણું બધુ કામ કરવાનું હોય તેઓ જે નાની નાની ભૂલો કરે તે આપણે ત્યારે ચલાવી લઇએ તો ક્યારેક તે સુધારવા માટે ઘણી દોડાદોડી કરવી પડે છે.

આજે ટેકનોલોજીનો જમાનો છે, ઘણો બધો વ્યવહાર કમ્પ્યુટર ઈન્ટરનેટ દ્વારા ચાલે છે તે પણ સ્પેલીંગ વગેરે બરાબર ન હોય તો તેને તરત જ નકારી (રીજેક્ટ) કરી નાખે છે માટે હવે તો આ બાબત પહેલાં કરતાં પણ વધુ ચોક્કસાઈવાળા બનવું તથા એક સુત્રતા જાળવવી વધુ જરૂરી બન્યા છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



**શ્રી અરિહંત ટ્રેડીંગ**

(આદિનાથ) ચેમ્બુર તીર્થનું ફરસાણ અને મિઠાઈ અગાઉ ઓર્ડર મુજબ મંગાવીને મળશે. સંપર્ક : કીર્તી શીવજી મૈશેરી, ભાંડુપ - નાની સિંધોડી. મો.: 099200 89346 / 099308 23619

**ફ્રી હોમ ડિલીવરી**

## 'બ્રિસ્ક વૉક' - ઝડપથી ચાલવું

ડૉ. વીરચંદ લખમશી નાગડા - M.B.B.S. (Mumbai), મુંબઈ - 97573 03562 • તિથલ - 70696 21931

**ઝડપથી ચાલવું - 'બ્રિસ્ક વૉક' એટલે ૧૦ મિનિટમાં આપણ ૩ કિ.મી ઝડપથી ચાલવું જોઈએ.** ઝડપથી ચાલવાથી શરીરને એક પ્રકારની કસરત મળે છે અને ઘણાં ફાયદા થાય છે. પહેલા ડૉક્ટરો એમ કહેતા કે, દિવસમાં ઓછામાં ઓછું ૪૫ મિનિટ ચાલો. બેઠાડુ જીવન કરતાં ચાલવાથી ઘણા ફાયદા થાય છે પરંતુ ૫-૧૦ મિનિટ ચાલ્યા પછી આપણે રોકાઈ જઈએ, ઊભા રહી વાતો કરીએ, કાંઈ ખરીદી કરીએ અને વળી ચાલીએ આમ અટકી અટકીને ચાલીએ એ કસરત નથી - ટહેલવું થાય. ટહેલવાથી ઝડપથી ચાલવા જેટલાં ફાયદા નથી થતા. ઘરે કે ક્યાંક એમને એમ બેસી રહેવા કરતાં તો ચાલો એમાં ફાયદા થશે પણ અમુક ફાયદા આપણને નહીં મળે.

એક મિનિટમાં ૧૨૦ ડગલા ચાલીએ તો શરીરને કસરતની જેમ ફાયદા થાય. ઝડપથી ચાલવું - '**બ્રિસ્ક વૉક**' સાવ સહેલી છે, સરળ છે, ખાસ કાંઈ શીખવાનું નથી, કોઈપણ ઉંમરે થઈ શકે. ૬ મહિનામાં આપણા શરીરમાનું કુલ કૉલેસ્ટ્રોલ ઘટશે, સારું કૉલેસ્ટ્રોલ (એચ.ડી.એલ. કૉલેસ્ટ્રોલ) વધશે, વજન કાબુમાં રહેશે, હાર્ટ ઍટેક નહીં આવે, ચિંતા ઓછી થશે, માનસિક તનાવ ઘટશે, શરીરના સ્નાયુઓની શક્તિ વધશે. શરીર અને મન પ્રફુલ્લિત રહેશે.

પહેલા ડાબો પગ ઉપાડી સહેજ આગળ ઝુકો એ વખતે એડી અને પછી પંજો જમીનને અડાડો પછી જમણો પગ ઉપાડો ત્યારે ડાબા પગનો પંજો જમીનપર દબાય એ રીતે ચાલો. ડાબો પગ આગળ હોય તો ડાબો હાથ પાછળ જાય અને જમણો પગ આગળ હોય તો જમણો હાથ પાછળ જાય. યાદ રહે કે ઝડપથી ચાલતી વખતે બિલ્કુલ વાતો નથી કરવાની.

જેમને એનીમીઆ (લોહીની ઉણપ), વાઈ, રૂમેટોઈડ આર્થાઈટીસ (આમવાત) ચક્કર આવતા હોય, હાર્ટ ઍટેક આવેલ હોય, કોઈ તાવ કે ટાઈફોઈડ કે મેલેરીયા થયો હોય તે પછીની નબળાઈ, દમ, વધારે પડતો ઢીંચણ નો વા હોય કે કોઈ ઓપરેશન હાલમાંજ કરાવેલ હોય તેમણે આ બ્રિસ્ક વૉક ન કરવી.

નોર્મલ વ્યક્તિઓ તો બ્રિસ્ક વૉક કરી શકે, પણ જેમને ઢીંચણનાની શરૂઆત હોય, ગર્ભવતી હોય, બાયપાસ કરાવેલ હોય અને રીકવર થઈ ગયા હોય એ વ્યક્તિઓ પણ બ્રિસ્ક વૉક કરી શકે. ૭૦ વર્ષ વય થી વધુ ની વ્યક્તિ જેમને કોઈ રોગ ન હોય તે પણ બ્રિસ્ક વૉક કરી શકે.

ઝડપથી ચલાવાથી હાઈ બી.પી., કૉલેસ્ટ્રોલ, ડાયાબીટીઝ ઘટે છે અને દોડવાથી પણ આ બધા ફાયદા થાય છે, એમ અમેરીકાના સંશોધકો એ ૩૩,૦૬૦ દોડનાર અને ૧૫.૦૪૫ ઝડપતી ચાલનાર પર સંશોધન કરીને જાહેર કર્યું છે. તેમણે તારણ કાઢ્યું કે જેટલી શક્તિ દોડવામાં વપરાય છે (વિગરસ ઈન્ટેન્સીટી રનીંગ) એટલીજ શક્તિ ઝડપથી ચાલવામાં (મોડરેટ ઈન્ટેન્સીટી વૉકીંગ) વપરાય છે અને આ બન્ને થી વ્યક્તિ ની બી.પી., કૉલેસ્ટ્રોલ, ડાયાબીટીઝ ની રીસ્ક ઘટે છે. દોડવાથી - હાઈ બી.પી. ની તકલીફ, જેમને હાલમાં જ શરૂ થઈ છે તેમને ૪.૨% નો ઘટાડો થયો અને ડાયાબીટીઝની તકલીફ પણ જેમને હાલમાં જ શરૂ થઈ છે તેમને પણ ૧૨.૧% નો ઘટાડો થયો. એટલે કે તંદુરસ્ત વ્યક્તિની આ બીમારીઓ થવાની આટલી શક્યતા ઘટી. જ્યારે ઝડપથી ચાલવાથી - હાઈ બી.પી. ની રિસ્ક ૭.૨% ઘટી, કૉલેસ્ટ્રોલ ની રિસ્ક ૭% ઘટી અને ડાયાબીટીઝ થવાની રિસ્ક ૧૨.૩% ઘટી એટલે કે વિગરસલી દોડવા કરતાં, ઝડપથી ચાલવાથી રિસ્ક વધુ ઘટી, બીજા શબ્દોમાં કહીએ તો ઝડપથી ચાલવાથી વધુ ફાયદો થાય છે. વિગરસલી દોડવાથી હૃદયની લોહીની નસોની બિમારી હાર્ટ ઍટેક વગેરે નું જોખમ ૪.૫% ઘટ્યું જ્યારે ઝડપથી ચાલવાથી ૯.૩% ઘટ્યું એટલે એમાં પણ ઝડપથી ચાલવું ફાયદાકાર છે.

''પાંચ લાખની કાર ધરાવનાર વ્યક્તિ કરતાં વગર તકલીફે ૫ માઈલ ચાલી શકનાર વ્યક્તિ વધુ ભાગ્યશાળી કહેવાય.''

આમ ઝડપથી ચાલવાની કસરત એટલે કે બ્રિસ્ક વૉક શરૂ કરીએ અને એના ફાયદા મેળવી નિરોગી રહીએ.

(**તંત્રી નોંધ :** ડૉ. વીરચંદભાઈ, માનવજ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ મુલુંડના ઉપક્રમે 'ડ્રગ બેન્ક'ની સેવામાં તીથલ (વલસાડ) ખાતે જોડાયા છે તેથી વધુ સમય તેનો ત્યાં રહે છે.)

## જમાઈ રાજને શ્રધ્ધાંજલિ



**સ્વ. સુર્યકાંત મુલજી નાગડા**

જખૌ - ધાવણગીરી

સંબંધ યાત્રાનો અંત તા. ૨૬/૬/૨૦૧૫

**પરમ કૃપાળુ પરમાત્મા,**
**આપના ધામે આવ્યા છે અમારા જમાઈરાજ**
**એના દિવ્ય આત્માને**
**પરમ શાંતિ આપજો એજ પ્રાર્થના...**

❖ શોકમગ્ન ❖

**માતુશ્રી હીરબાઈ કુંવરજી મણશી લાલકા પરિવાર**

વારાપધ્ધર - મુંબઈ

## માઈન્ડ પ્રોગ્રામીંગ : ભાગ ૨ સંબંધ, સંપત્તી અને આરોગ્યની બાબતે માઈન્ડ પ્રોગ્રામીંગ કરી ધાર્યું સાધી શકાય છે

- રૂપલ શાહ - 09833996477 (કાઉન્સેલર, માઈન્ડ પ્રોગ્રામર)

**આપણે જીવન જીવીએ છીએ પણ જીવનમાં આપણને જોઈએ છે શું? જીવન પાસેથી આપણી શું અપેક્ષાઓ છે?**

જવાબ મળશે સુખ-શાંતિ, આનંદ. પ્રશ્ન એ છે કે તે આપણે શોધીએ છીએ શેમાં? સંબંધ, સંપતિ, સ્વાસ્થય માં તો શું ખરેખર આ બધામાં આનંદ મળે છે? ચાલો, તપાસીએ.

પહેલાં જોઈએ સંબંધ - ને મા-બાપ, ભાઈ-બહેન, ભાઈ-ભાઈ, પતિ-પત્ની, મિત્રો-પ્રેમી, સાસુ-સસરા વગેરેના હોઈ શકે. આપણે એમાંથી ખુશી મેળવીએ છીએ? - ના! કારણ દરેકે દરેક સંબંધમાં કાંઈક ખૂટતું જ હોય છે. કોઈકવાર આપણા તરફથી તો કોઈકવાર સામેવાળા તરફથી... અને એકવાર એમાં પડેલી તિરાડ મોટી દિવાલ ઊભી કરી શકે છે. તેનું કારણ શું હોઈ શકે? - આપણી લાગણીઓ, આપણી અપેક્ષાઓ. આ લાગણીઓ અને અપેક્ષાઓનું જન્મ સ્થળ એટલે આપણું મન.

કહેવાય છે કે સંબંધને સંપત્તિ સાથે મોટું જોડાણ છે. કહેવત છે ને કે ''નાણા વગરનો નાથિયો અને નાણે નાથાલાલ'' અને એટલે જ આ સંપત્તિ મેળવવા આપણે કેટલી દોડધામ કરીએ છીએ. જાત-જાતનાં અને ભાત ભાતનાં વિચારો. એટલે યુક્તિઓ, કાવા-દાવા. કોઈક એમાં કામયાબ નિવડે તો કોઈક નિષ્ફળ. ત્યારે નિષ્ફળ જનારા વિચારે છે કે હું ક્યાં ઓછો પડ્યો? એક વખત નિષ્ફળ જનાર વ્યક્તિ આગળ વધવાનું જ બંધ કરી દે છે... અને નિરાશામાં ન લેવાના નિર્ણયો લે છે. પાછું અહીં મન દુઃખી - દુઃખી થઈ જાય છે. આ તો થઈ નિષ્ફળ જનાર ની વાત.

પણ તેમાં સફળ થયેલી વ્યક્તિ પણ શું ખુશ છે? - તો એનો જવાબ પણ ના જ છે. કારણ આ લોકોને નવ્વાણુંનો ધક્કો લાગ્યો છે. સફળતા અને પૈસો મેળવવાનો તેમને નશો થઈ જાય છે. અને પૈસો મેળવવાના નશામાં જીવનના આનંદથી દૂર થતાં જાય છે. અરે, મહેનતથી જે મેળવ્યું છે તે પણ માણી શકતા નથી અને ફરી આ વસ્તુ પોતાનાં સંબંધોને 'અસર' કરે છે. લડાઈ-ઝઘડા, કોર્ટ-કચેરીનાં ફેરા શરૂ થઈ જાય છે.

આ બધાની અસર આપણા સ્વાસ્થ્ય એટલે કે તંદુરસ્તી પર થાય છે. કહેવાય છે કે સ્વસ્થ તનમાં જ સ્વસ્થ મન રહે છે. એટલે જેનું મન સ્વસ્થ તેનું જ તન સ્વસ્થ. વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે ૮૦% બિમારીઓ આપણાં મનને લીધે જ થાય છે જેમકે હાર્ટ એટેક. કેન્સર વગેરે...વગેરે...

તો શું આનો અર્થ એવો કે આપણે જીવનનો આનંદ મેળવી જ ન શકીએ? કોઈને કોઈ અસંતોષ અને દુઃખ સાથે જ જીવવાનું? જીવનનો અર્થ જ દુઃખ છે?

ના... ના... ના... ખુશ રહેવાનો તો આપણો જન્મસિદ્ધ અધિકાર છે. આવું અણમોલ જીવન ફરી-ફરીને થોડું મળવાનું છે. ફક્ત જરૂરત છે આપણાં મનને કેળવવાની. મન કેળવાય તો જ ક્યાં અટકવું? ક્યાં આગળ વધવું? શું સાચું - શું ખોટું, શું સારું - શું ખરાબ એની સમજણ આવે. જેને લીધે આપણે આપણાં દરેક સંબંધોમાં, વ્યવહારમાં, તંદુરસ્તીમાં સમતોલપણું જાળવી શકીએ. જીવનમાં સફળતાના શિખરે પહોંચી શકીએ અને જે વસ્તુ અઘરી લાગી હોય તેને સહેલાઈથી મેળવી શકીએ.

ફક્ત જરૂરત છે મનને કેળવવાની. મનનું વ્યવસ્થાપન (માઈન્ડ પ્રોગ્રામીંગ) કરવાની. અને જ્યારે આ કરીશું ત્યારે આપણે સુખ અને આનંદ પાછળ દોડવું નહીં પડે, તે જ આપણી પાછળ દોડતું આવશે... કારણ સુખ-દુઃખ, નિરાશા, અભિમાન, ગર્વ, ઈર્ષા... આ બધાનું ઉદગમ સ્થાન છે બેકાબુ મન. આ બધી બાબતો આપણે હકીકતમાં જાણીએ છીએ.

પરંતુ શું આપણે પોતાની રીતે નિયંત્રણ કરી શકીએ છીએ? કદાચ શરૂઆત તો કરીએ પણ એમાં મક્કમ રહી શકાય છે? જો આનો જવાબ ના હોય તો આપણને જરૂરત પડે છે કોઈના માર્ગદર્શનની, કોઈ મજબૂત મનનો આધાર મળી જાય તો, ચોક્કસ એ આપણને જીવનનાં આનંદ અને જીવનનાં સાચાં સુખ-શાંતિ સુધી લઈ જઈ શકે.

**''વિકલ્પો મળશે ખુબ, માર્ગ ભટકવા માટે પણ**
**સંકલ્પ એક કાફી છે, મંઝિલ સુધી જવા માટે'**


**જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ**

